## ઝાલાનગરમાં મંદિરનો પ્રથમ પાટોત્સવ ઉજવાયો



હિંમતનગર તાલુકાના ઝાલાનગર ગામે ખોડીયારમાં, ભાથીજી અને ગોગા મહારાજ પરિવાર મંદિરનો પ્રથમ પાટોત્સવ શનિવારના રોજ ઝાલા પરિવાર ગામ સમસ્ત અને ભુપેન્દ્રસિંહજી ઝાલા બી.ઝેડ.ગ્રુપના સંયુક્ત ઉપક્રમે ઝાલા પરિવારના અગ્રણી પરબતસિંહ ઝાલા તેમજ ગોબરસિંહ ઝાલાની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. આ પાટોત્સવ પ્રસંગે લોક સાહિત્યકાર રાજભા ગઢવી અને જયદીપદાન ગઢવી દ્વારા રાત્રે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતો. પાટોત્સવ પર્વે આંતરરાષ્ટ્રીય હિન્દુ યુવા વાહિનીની ટીમ, કરણીસેના અધ્યક્ષ રાજ શેખાવત, આદિ શંકરાચાર્ય ગુરુજી, રાજ્યમંત્રીશ્રી ગજેન્દ્રસિંહજી પરમાર, ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી કમલેશભાઈ પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રદ્ધાળુઓ ગ્રામ્ય જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો.

## પ્રાંતિજ ખાતે સાત વર્ષના મુસ્લિમ બાળકે પવિત્ર રમઝાન માસમા તમામ રોઝા અદા કર્યા



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના ગલેચી ભાગોળ બલોચવાસ ખાતે રહેતો સાત વર્ષ નો મુસ્લિમ બાળક મોહંમદ ઝેદ દ્વારા પવિત્ર રમઝાન મા તમામે-તમામ રોઝા અદા કરીને ધાર્મિક પરંપરા નિભાવી હતી. પ્રાંતિજ ગલેચી ભાગોળ બલોચવાસ વિસ્તાર માં રહેતા આસિફ હુસેન મિર્ઝા નો સાત વર્ષ નો પુત્ર ઝેદ પવિત્ર રમઝાન માસમા તમામે તમામ રોઝા ગરમી મા પણ આકરા ઉપવાસ કરીને ખુદાની ઈબાદત કરી હતી તો આવી કાળજાળ ગરમી ની સીઝન મા પણ ૪૨ થી ૪૫ ડિગ્રી ની ગરમીમા માણસ પાણી વગર પણ રહી શકતો નથી ત્યા આ સાત વર્ષ નો અને ધોરણ-ત્રણમાં પ્રાંતિજ અવરઓન વિધાવિહાર હાઈસ્કૂલ માં અભ્યાસ કરતો આ બાળકે રમઝાન માસમા આકરા ઉપવાસ એટલે કે રોઝા રાખીને ધરમાજ રહીને નમાજ અદા કરે છે અને ધાર્મિક પરંપરા ને પૂર્ણ કરી હતી જયારે ઝેદ દ્વારા પ્રથમ વખત રમઝાન માસમા રોજા રાખવામા આવ્યા છે જ્યારે સાત વર્ષ ના ઝેદ દ્વારા રમઝાન માસ ના ૩૦ રોઝા રાખી નમાજ પણ અદા કરે છે તો ઝેદ આટલી નાની ઉંમરે રોઝા રાખતા તેના માતા-પિતા દાદી કાક-કાકી પણ ગૌરવ અનુભવે છે તો ઝેદ ભણવામા પણ ખુબજ હોશિયાર છે તો તેના માતા-પિતા પણ દિકરા ના આ ધાર્મિક કાર્યથી ખુશ છે અને ઝેદ ના માતા-પિતા પોતાના દિકરા નો અલ્લા પ્રત્યે અને ધર્મ પ્રત્યે ના પ્રેમ ને લઈ ને ખુશ છે ત્યારે હાલતો ઝેદ દ્વારા નાની ઉંમરે રોઝા રાખી માતા પિતા તથા પરિવાર અને સમાજ નુ નામ પણ રોશન કર્યુ છે.

## ખેડબ્રહ્મા ખાતે નવનિર્મિત પ્રિન્સીપાલ સિનીયર સિવીલ કોર્ટનું લોકાપર્ણ કરાયુ




સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે નવનિર્મિત પ્રિન્સીપાલ સિનીયર સિવીલ કોર્ટનુ ગુજરાત હાઈકોર્ટના જજ ડૉ. અશોકકુમાર જોષીના વરદ હસ્તે લોકાર્પણ કરાયુ હતુ. ખેડબ્રહ્મા-અંબાજી હાઈવે રોડ પર યાત્રાધામ ખેડબ્રહ્મા ખાતે નિર્માણ કરવામાં આવેલ પ્રિન્સીપલ સિનિયર સિવિલ કોર્ટનું આજે ગુજરાત સ્થાપના દિવસે સાબરકાંઠા જિલ્લાના એડમીનીસ્ટ્રેટીવ જજ અને ગુજરાત હાઈકોર્ટના જજ ડૉ. અશોકકુમાર જોષીના વરદ હસ્તે લોકાપર્ણ કરવામાં આવ્યુ હતુ. લોકાપર્ણ કરતા ગુજરાત હાઈકોર્ટ જજ ડૉ.અશોકકુમાર જોષીએ જણાવ્યુ હતુ કે, ન્યાયતંત્ર એ અભિન્ન અંગ છે જ્યારે નાગરીકોને ન્યાયતંત્ર અને મિલેટ્રી પર શ્રધ્ધા અને વિશ્વાસ રાખે છે તે ટકાવી રાખવુ એ સૌથી શ્રેષ્ઠ છે. લોકાર્પણ પ્રસંગે સાબરકાંઠા જીલ્લાના પ્રિન્સીપલ ડિસ્ટ્રીક્ટ જજ એચ.ડી.સુથાર, ખેડબ્રહ્મા કોર્ટના પ્રિન્સીપલ સિનિયર સિવિલ જજ એચ.એ.ઉપાધ્યાય, ખેડબ્રહ્મા બાર એસોસિએશનના પ્રમુખ રાજેન્દ્રસિંહ ચૌહાણ, સમગ્ર જીલ્લાની કોર્ટના જજ, સરકારી વકીલો તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## મનફાવે તેમ આડેધડ વાહન પાર્ક કરતા લોકો સામે ધાનેરા પોલીસની લાલ આંખ



ધાનેરામાં સૌથી વધુ સમસ્યા ટ્રાફિકની છે કેમકે નગરપાલિકા ચોકથી લાયબ્રેરી સુધી લોકો પાર્કિંગની વ્યવસ્થાના અભાવે મનફાવે ત્યાં બાઈકો રોડ પરજ પાર્કીગ કરીને ખરીદી કરવા જતા રહે છે . આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે , વારંવાર ટ્રાફિકની સમસ્યા સર્જાય છે આ ગેરકાયદેસર પાર્કીગ કરતા વાહનો ચાલકો સામે પગલાં લેવા ધાનેરા પોલીસે બાઈકોને લોક લગાડી ડીટેન કરતા બાઈક ચાલકોમાં ફફડાટ અને નગરપાલિકા સામે રોષ જોવા મળી રહ્યો છે. બાઈક ચાલકોના જણાવ્યા મુજબ કોમર્શિયલ બિલ્ડીંગો અધતન શોપિંગ સેન્ટરોમાં પાર્કીગની જગ્યાએ નગરપાલિકાના સત્તાધીશોની મીલીભગતથી દુકાનો બનાવી દેવામાં આવે છે. બાઈકને મુકવાની જગ્યા ના અભાવે ના છુટકે રોડ પર બાઈક પાર્ક કરવું પડે છે કેમકે જે તે સમયે બાંધકામના નકશાઓ મંજુર કરતી વખતે રોકડી લઈને બાંધકામની મંજુરી આપી દેવામાં આવે છે? જેનો ભોગ વાહન ચાલકોને બનવું પડે છે. જયારે ધાનેરા પોલીસ કોન્સ્ટેબલે જણાવ્યું હતું કે નગરપાલીકા દ્વારા જે તે શોપિંગ સેન્ટરોમાં પાર્કિંગનો અભાવ હોવા છતાં બાંધકામની પરવાનગી આપવામાં આવી રહી હોવાથી ટ્રાફિકની સમસ્યાનો સર્જાય છે..જો ધાનેરાની કોઈપણ બજારમાં રોડ ઉપર કે ટ્રાફિક ને અડચણરૂપ વાહનો મુકેલા હશે તો તેવા વાહનોને લોક કરી દંડ ફટકારવામાં આવશે..જેથી તમામ દુકાનદારો અને ગ્રાહકોએ પોતાના વાહનો ટ્રાફિકને અડચણરૂપ ના થાય તેમ મુકવા જોઈએ.

### આજે બપોર સુધીમાં વિગતો ગાંધીનગર મોકલવા આદેશ

# જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પાસે વધ-ઘટ કેમ્પમાં કોર્ટમાં ગયેલા શિક્ષકોની વિગતો માંગતી નિયામક કચેરી

## ઓફલાઈન-ઓનલાઈન ફરજ બજાવતા શિક્ષકોની આતૂરતાનો અંત ક્યારે..??

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૧

જિલ્લામાં વધ-ઘટ બદલી કેમ્પમાં અનેક શિક્ષકોને સીનીયોરીટીમાં અન્યાય થયાના રોષ કેમ્પ સ્થળે જોવા મળ્યા છતાં એક તરફી છૂટા કરાયેલા અનેક શિક્ષકોએ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવી બદલી થયેલી શાળામાં ઓફલાઈન, ઓનલાઈન હાજર થયા હતા અને હવે આગામી ૬ મે, ના રોજ જિલ્લા ફેર બદલી કેમ્પના આયોજન થવાના છે તે પૂર્વે ગાંધીનગર સ્થિત પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા સાબરકાંઠા, અરવલ્લી ડી.પી.ઓ.ને એસ.સી.એ. નં.૩૨૫૫/૨૦૧૯ અને સંલગ્ન કોર્ટ મેટર અન્વયે વધ-ઘટ કેમ્પમાં બદલી થયેલ શિક્ષકોની વિગતો તા.૨ એ. સુધીમાં કરીના ઈ-મેઈલ ઉપર મોકલી આપવાના આદેશ થયા છે. બંને જિલ્લામાં વધ-ઘટ બદલી કેમ્પથી નારાજ થયેલા ૯૦ થી વધુ શિક્ષકોએ કોર્ટના દ્વાર ખટખટાવ્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં ઓછી વિદ્યાર્થી સંખ્યા તેમજ અન્ય કારણોસર ધો.૧ થી ૫ માં ફરજ બજાવતા અનેક પ્રાશિક્ષકો વધમાં પડગ્રી હતા. ગત નવેમ્બર-૨૦૨૦માં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા વધ-ઘટ બદલી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અરવલ્લીમાં યોજાયેલા વધ-ઘટ બદલી કેમ્પમાં દુઘરવાડા પ્રા.શાળામાં સીનીયોરીટીમાં અન્યાય સાથેની લાગણી સાથે શિક્ષકોએ કેમ્પના બહિષ્કાર કરતાં હોબાળો મચી ગયો હતો ત્યારબાદ સમજાવટ પછી મામલો થાળે પડડ્યો. સાબરકાંઠામાં પણ ક્યાંક આવી સ્થિતિ જોવા મળી હતી. જ્યારે શિક્ષકો બદલીવાળી શાળાએ હાજર ન થતાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા શાળાના મુખ્ય શિક્ષકોને બદલી થયેલા શિક્ષકોને એક તરફી છૂટા કરવાના મૌખિક આદેશ અપાતાં અરવલ્લી જિલ્લાના ૫૧ સહિત બંને જિલ્લાના કુલ-૯૦ જેટલા શિક્ષકોએ હાઈકોર્ટના દ્વારા ખટખટાવ્યા હતા જેમાં પીટીશન પછી કોર્ટના નિર્દેશ અનુસાર કેટલાક શિક્ષકો કોરોનાના કારણે અનલાઈન હાજર થયા હતા અને ત્યારબાદ કોર્ટનો ચૂકાદો આવતાં કેટલાક શિક્ષકોને ઓફલાઈન શાળામાં હાજર થયા હતા અને હવે હાઈકોર્ટે પણ ધો.૧ થી ૫ માં અભ્યાસ કરાવતા શિક્ષકોને ધો.૬ થી ૮ ની શાળામાં ન મૂકી શકાય અને તેમની બદલી અયોગ્ય હોવાનો ચૂકાદો આપ્યાના ૨૫ દિવસ પછી પણ શિક્ષકોને ન્યાય મળ્યો નથી અને ત્યાં જ શિકાર વિભાગ દ્વારા જિલ્લાફેર બદલીના કેમ્પનું આયોજન થઈ રહ્યું છે જેથી હોબાળો થવાની પૂરેપૂરી સંભાવના છે. આ સંજોગોમાં પ્રા.શિકારણ નિયામક દ્વારા કોર્ટમાં ગયેલા શિક્ષકો અંગેની વિગતો જે તે પ્રાથમિક શિક્ષણ સમિતિ પાસે માંગવામાં આવી છે.

### કઈ કઈ વિગતો માંગવામાં આવી...

વધ-ઘટ બદલીમાં અન્યાય થયો છે તેવા શિક્ષકોને જિલ્લાફેર બદલી કેમ્પ પહેલાં યોગ્ય સ્થાને નહીં મૂકવામાં આવે તો શિક્ષકોનો રોષ જાહેરમાં આવી શકે છે ત્યારે પ્રા.શિક્ષણ નિયામક દ્વારા એસ.સી.એ. નં.૩૨૫૫/૨૦૧૯ અને સંલગ્ન કોર્ટ મેટર અન્વયે વધ-ઘટ કેમ્પમાં બદલી થયેલ શિક્ષકોની વિગતો માંગી છે જેમાં એસ.સી.એ. નંબર, પીટીશનરનું નામ, ધો.૧ થી ૫ કે ધો.૬ થી ૮, મૂળ નિમણૂંક, વધ-ઘટ બાદ સમાવેશ, જૂની શાળાનું નામ, તાલુકો, નવીન શાળાનું નામ, તાલુકો, હાલના ફરજની શાળા, તાલુકો, બદલી થવાનું કારણ સહિતની વિગતો સોમવારે બપોરે ૧૧-૩૦ કલાક સુધીમાં મોકલી આપવા તમામ ડી.પી.ઓ.ને સૂચના આપવામાં આવી છે.

**વધ-ઘટ બદલી કેમ્પના કોર્ટ મેટરની વિગતો માંગી છે – ડી.પી.ઓ.**

સાબરકાંઠા ડી.પી.ઓ. હર્ષદભાઈ ચૌધરી, અરવલ્લી ડી.પી.ઓ. શૈલેષભાઈ પટેલે જણાવ્યું કે જિલ્લામાં કોર્ટમાં થયેલી એસ.સી.એ. નંબર-૩૨૫૫/૨૦૧૯ અને સંલગ્ન કોર્ટ મેટર અન્વયે વધ-ઘટ કેમ્પમાં બદલી થયેલા શિક્ષકોની કોર્ટ મેટરની વિગત રાજ્યના પ્રા.શિક્ષણ નિયામક દ્વારા માંગવામાં આવી છે.

### પ્રાંતિજમાં દાનવીરનું સન્માન કરાયુ

## મુળ પ્રાંતિજ હાલ અમદાવાદ નિવાસી દાતાનું સન્માન કરવામા આવ્યું

**જિલ્લા સહિત પ્રાંતિજની વિવિધ સંસ્થાઓમા ૧૦ લાખ સુધી દાન કર્યુ : ગુજરાતની વિવિધ સંસ્થાઓમાં અત્યાર સુધીમાં રૂપિયા ૭.૫૦ કરોડ જેટલુ દાન આપ્યુ છે**

પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિવિધ સંસ્થાઓમા રૂપિયા દશ લાખ જેટલી માતબર રકમનુ દાન કરનાર દાતા ભામાસાનું સન્માન કરવામા આવ્યુ.





મૂળ પ્રાંતિજના વતની અને હાલ અમદાવાદ ના નરોડા સ્થિત રોહિત ભાઈ એમ દેસાઈએ તાજેતરમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની વિવિધ સંસ્થાઓમા રૂપિયા ૧૦ લાખ જેટલી માતબર રકમ નુ દાન કરતા પ્રાંતિજની પી.જે.સોલંકી સેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત કુમાર કન્યા છાત્રાલય ખાતે દાતા રોહિતભાઈ દેસાઈ નો સન્માન સમારોહ ભીખાભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો જેમા દાતાએ વિવિધ સંસ્થાઓ જેવીકે ઈડરમાં અંધજનો માટે કામ કરતી સંસ્થા, હિંમતનગરમાં મંદબુદ્ધિના બાળકો માટે કામ કરતી શિશુવિહાર મમતા કેન્દ્ર , પ્રાંતિજની પી.જે.સોલંકી સેવા ટ્રસ્ટ સંચાલિત કુમાર કન્યા છાત્રાલય , બાયડ કેળવણી મંડળમા નવીન આકારપામી રહેલ રંગમંચ, પ્રાંતિજના વૃદ્ધાશ્રમ, પાંજરાપોળ તેમજ મુહડીના હનુમાન મંદિર વિગેરે માટે રૂપિયા ૧૦ લાખ ના દાન આપ્યુ છે રોહિત ભાઈ પ્રાંતિજના ભામાશા તરીકે ઓળખાય છે અને અત્યાર સુધી ગુજરાતની વિવિધ સંસ્થાઓમાં રૂપિયા ૭.૫૦ કરોલ જેટલુ દાન આપી ચુકયા છે જેવોનો સન્માન સમારોહમાં નગરમાંથી અનેક શ્રેષ્ઠીઓ હાજર રહ્યા હતા.

## પાલનપુરના મોરિયામાં બનાસ મેડીકલના છાત્રો અને ડિન વચ્ચે ભારે હોબાળાથી ચકચાર

**છાત્રએ શિક્ષણનો બહિષ્કાર કરી એડિશનલ ડિન મહેન્દ્ર આનંદને હટાવવાની માગણી સાથે ધરણાં કર્યા**

પાલનપુર તા.૧

પાલનપુર તાલુકાના મોરિયા ગામમાં આવેલી બનાસ



મેડીકલના છાત્રોએ શુક્રવાર રાતથી શિક્ષણનો બહિષ્કાર કરી એડિશનલ ડિન મહેન્દ્ર આનંદને હટાવવાની માગણી સાથે ધરણાં કર્યા હતા. કલ્ચરલ એક્ટિવિટી દરમિયાન પરફોર્મન્સ બાબતે કોલેજના ડિનએ જાહેરમાં ઠપકો આપતા છાત્રો વિફર્યા હતા. અને જ્યાં સુધી રાજીનામુ નહિ લેવાય ત્યાં સુધી શિક્ષણનો બહિષ્કાર કરી સૂત્રોચ્ચાર પોકાર્યા હતા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી, જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,આ સમગ્ર મામલો સામે આવતા મેનેજમેન્ટના ટ્રસ્ટીઓ કોલેજ દોડી ગયા હતા. સ્ટાફ સાથે સ્થિતિ અંગે ચર્ચા કતી છાત્રોને બોલાવી સમાધાનની તજવીજ હાથ ધરી હતી .બાદમાં મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતુંકે અમારા પરિવારનો આંતરિક પ્રશ્ન છે અમે નિરાકરણ લાવી દઈશું.

એમબીબીએસના છાત્રો બનાસ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરે છે જ્યાં હાલમાં કલ્ચરલ સપ્તાહની ઉજવણી ચાલી રહી છે દરમિયાન કોલેજના છાત્રો અને એડિશનલ ડીન મહેન્દ્ર આનંદ વચ્ચે પરફોર્મન્સ બાબતે સંવાદ થતા છાત્રો નારાજ થયા હતા .અને શુક્રવાર રાતથી જ મહેન્દ્રઆનંદને છુટા કરવામાં આવે તેવી માંગ સાથે શિક્ષણ કાર્ય બંધ કરી આક્રોશ વ્યક્ત કર્યો હતો દરમિયાન શનિવારે સવારે મોટી સંખ્યામાં છાત્રો કેમ્પસ બહાર એકઠા થયા હતા અને વી વોન્ટ રિઝાઈન... વી વોન્ટ રીઝલ્ટ... નહીં ચલેગી નહીં ચલેગી... તાનાશાહી નહીં ચલેગી...ના સુત્રોચ્ચાર પોકાર્યા હતા, મેડિકલના છાત્રોએ જણાવ્યું હતું કે એડિશનલ ડિન દ્વારા સતત ટોર્ચર કરવામાં આવે છે વારંવાર ઉતારી પાડે છે અગાઉ પણ મેડિકલના છાત્રોએ આ મુદ્દે મેનેજમેન્ટને ફરિયાદો કરી હતી પરંતુ તેમની સામે કોઇ કાર્યવાહી કરાઇ નહોતી, વિદ્યાર્થી પરિષદના નેતા ધવલ જોષીએ જણાવ્યું હતું કે આ વિદ્યાર્થીઓની માગણી તાત્કાલિક પૂરી કરવામાં આવે જો માંગ સ્વીકારવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરીશું, ભવિષ્યમાં કોઇ પણ ઘટના બનશે તો જવાબદારી કોની? જ્યાં સુધી માંગ પુરી નહીં થાય ત્યાં સુધી શિક્ષણ કાર્ય સંપૂર્ણ બંધ રહેશે.

### આ અમારો પરિવારનો પ્રશ્ન છે પીજે ચૌધરી ચેરમેન બનાસ મેડિકલ કોલેજ

હાલમાં મેડિકલ કોલેજમાં કલ્ચરલ વિક ચાલી રહ્યું છે. સ્ટુડન્ટ પર્ફોમન્સ કરી રહ્યા હતા જેમાં ફેકલ્ટી દ્વારા ઠપકો આપી પરફોર્મન્સ સુધારવા માટે કહ્યું હતુ જેનાથી કેટલાક છાત્રોને ખોટું લાગતા આ સ્થિતિ સર્જાઇ છે. આ અમારો પારિવારિક પ્રશ્ન છે વિદ્યાર્થીઓની વાતચીતને સાંભળી તેમની કોઈ તકલીફ ન પડે તે રીતે નિરાકરણ લાવીશું.


## અણસોલ પાસે પોલીસની નાકાબંધીમાં રુ ૧૫ લાખનો વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૧

વિદેશી દારૂ ઘુસાડવાની ગતિવિધિમાં વધારો થયો છે. શામળાજી પોલીસની નાકાબંધી દરમ્યાન અણસોલ પાસે પરપ્રાંતિય ટ્રકમાંથી ૪ ૧૫,૦૧,૨૦૦ની કિંમતનો વિદેશી દારુ જપ્ત કરવામાં પોલીસને સફળતા મળી છે. જ્યારે ટ્રકચાલક થાપ આપી ફરાર થઈ જતાં વિદેશી દારુ તેમજ ટ્રક સહિત ૨ ૨૨,૦૧,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. વિદેશી દારૂની હેરાફેરી રોકવા માટે અસરકારક નાકાબંધી ગોઠવી ખાસ કરીને રાજસ્થાન બોર્ડર તરફના રસ્તાઓ ઉપર વધુ વોચ ગોઠવા માટે ઉચ્ચ કક્ષાએથી સૂચના અપાતાં શામળાજી પોલીસ દ્વારા ઠેકઠેકાણે નાકાબંધી ગોઠવામાં આવી રહી છે. શામળાજી પી.એસ.આઈ. એમ.જી.વસાવા અને પોલીસ સ્ટાફે નેશનલ હાઈવે ૮ ઉપર અણસાલની સીમમાં નાકાબંધી ગોઠવી હતી જે દરમ્યાન પરપ્રાંતિય ટ્રક (નં.એમ.એચ.૧૧એ.એલ.૪૭૨૪) ઉપર પોલીસને શંકા જતાં તેને થોભાવી તલાશી લેવાનો પ્રયાસ થાય તે પૂર્વે ટ્રકના ચાલક ટ્રક મૂકી ડુંગર વિસ્તારમાં ફરાર થઈ ગયો હતો. પોલીસ દ્વારા ટ્રકની તલાશી લેવામાં આવતાં અંદરથી વિદેશી દારુ, બિયરની ૨૬૦ પેટીઓ મળી આવી હતી જેથી પોલીસ દ્વારા વિદેશી દારુ સહિત ટ્રક સહિતના મુદ્દામાલ જપ્ત લઈ ટ્રકચાલક વિરુદ્ધ પ્રોહીબીશનનો ગુનો નોંધવામાં આવ્યો છે.

### તપે ગુજરાત : પાલનપુરમાં પાર્કિંગ વાળી જગ્યામાં ૩ ડીગ્રી ઓછી ગરમી

**રેલવે ટ્રેક પર ૪૧.૭ ડીગ્રી, સુમસામ માર્ગ પર ૪૧.૩ જ્યારે પાર્કિંગની અંદર ૩૯.૧ ડીગ્રીથી ઠંડક**



પાલનપુર તા.૧

પાલનપુર શહેરના જુદા જુદા સ્થળોએ બપોરે ૩ વાગે ટેમ્પરેચર માપી કઈ જગ્યાએ કેટલી ગરમી જોવા મળે છે તે જાણવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં સૌથી વધુ ગરમી પાલનપુરના રેલવે ટ્રેક પર ૪૧.૭ ડિગ્રી જેટલી જોવા મળી હતી. રેલ્વે સ્ટેશન સ્ટેશન પર લોખંડ ના પાટા વધુ પડતા ગરમ રહેતા હોવાથી અહીં વધુ ગરમી અનુભવાઈ હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જ્યારે ગઠામણગેટ થી પોલીસ હેડક્વાર્ટર સુધીના માર્ગ પર પણ ૪૧.૩ ડિગ્રી તાપમાન જોવા મળ્યું હતું. અહીં આજુબાજુ ઝાડ હોવાથી અડધો ડીગ્રી તાપમાન ઓછું જોવા મળ્યું હતું. જ્યારે સૌથી ઓછુ તાપમાન શહેરના શોપિંગ કોમ્પ્લેક્ષ ના જોવા મળ્યું હતું અહીં ત્રણ ડિગ્રી થી ઓછું ૩૯.૧ ડિગ્રી તાપમાન જોવા મળ્યું હતું.


## ફિલ્મ હિરોઈનની હની ટ્રેપનો આબાદ શિકાર બન્યો ધનસુરા તાલુકાનો યુવક

**યુવક પ્રેમ સમજતો હતો હિરોઈને લાખ્ખો રૂપિયા ખંખેરી લીધા**

મોડાસા, તા. ૧

ફિલ્મી દુનિયાના રવાડે ચઢી અનેક યુવાનો બરબાદ થઈ ચુક્યા છે ફિલ્મની હિરોઈનની સુંવાળી સંગત માણવા યુવકો લાખ્ખો કરોડો રૂપિયા ગુમાવી ચુક્યા છે કેટલાક પૈસાદાર નબીરા કેટલીક ફિલ્મી હિરોઈન માટે કમાવું દીકરા હોય તેમ તેમનો ઉપયોગ કરી ફેંકી દેતા હોય છે માલેતુજાર નબીરાઓ હિરોઈનોને કરોડો રૂપિયાની ગીફ્ટ સોગાદો આપતા હોય છે ત્યારે ધનસુરા તાલુકાના ચોગમડા કંપાના યુવકને ગુજરાતી આલ્બમની હિરોઈન યશ્વી પટેલે પ્રેમજાળમાં ફસાવી લાખ્ખો રૂપિયા ખંખેરી ઠેંગો બતાવતા આબાદ છેતરપિંડીનો ભોગ બનેલ યુવકે ધનસુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે

મોજશોખ શોખ પુરા કરવા અને હાઈ પ્રોફાઈલ જિંદગી જીવવા માટે ગુજરાતી આલ્બમ ની એક અભિનેત્રી એ અરવલ્લી ના ધનસુરા ના એક યુવક ને પ્રેમ જાળ માં ફસાવી લાખો રૂપિયા ખંખેર્યા હોવાનું સામે આવ્યુ છે અરવલ્લી જિલ્લા



ના ધનસુરા તાલુકામાં જિલ્લામાં પ્રથમ હની ટ્રેપની ઘટના સામેં આવી છે જેમાં ધનસુરાના ના જીનેશ પટેલ નામના યુવક ને ઈન્સ્ટાગ્રામ માં ગુજરાતી આલ્બમ ની અભિનેત્રી યશ્વિ (યશવી) પટેલ સાથે મિત્રતા થઈ હતી ત્યારે બાદ યુવક જીનેશ પટેલ અભિનેત્રી યશ્વિ પટેલ ના પરિવાર ને મળ્યો હતો અભિનેત્રી એ યુવક ને પ્રેમ કરું છું અને લગ્ન પણ તારી સાથેજ કરીશ તેવું કહી પ્રેમ જાળ માં ફસાવ્યો હતો.

મોડલ યશ્વી પટેલે જીગ્નેશ પટેલ ને પ્રેમ જાળ માં ફસાવ્યા બાદ તેને તેના પરિવાર સાથે મુલાકાત કરાવી અને બંને જણા થોડા સમય બાદ લગ્ન કરી લઈશુ તેવું કહી યુવક પાસે થી રૂપિયા ખંખેર વાના ચાલુ કર્યા શોપીંગ ના બહાને , ફી ફરવાના બહાને , પપ્પા બીમાર છે તેવું કહી યુવક પાસે થી ૭ લાખ રૂપિયા પડાવ્યા હોવાનો યુવકે આક્ષેપ કર્યો છે ત્યાર બાદ અભિનેત્રી દ્વારા અવાર નવાર રૂપિયા ની મંગણીઓ કરવામાં આવતા યુવક પોતાને છેતરાતો હોવાનું જણાઈ આવતા યુવકે અભિનેત્રી ની માંગણીઓ પુરી કરવાનું બંધ કરી દેતા અભિનેત્રી એ યુવક નો સંપર્ક બંધ કરી દીધો હતો ત્યાર બાદ યુવક નાસીપાસ થઈ જતા સામાજિક આગેવાનો અને સામાજિક યુવાનોએ હિમ્મત આપતા તેને ધનસુરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો ત્યાર બાદ અભિનેત્રી સામે ફરિયાદ નોંધાવી હતી.

### SP સંજય ખરાતે શું કહ્યું વાંચો

આ મામલે અરવલ્લી પોલીસે હનીટ્રેપ માં ફસાવી યુવક પાસે થી રૂપિયા ખંખેરનાર અભિનેત્રી યશ્વિ પટેલ સહિત અન્ય ત્રણ જના સામે ફરિયાદ નોંધી હની ટ્રેપ ની ગેંગ ને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે અને જિલ્લામાં આવા અન્ય કોઈ યુવકો હની ટ્રેપ ના શિકાર થયા હોય તે અરવલ્લી પોલીસ નો સંપર્ક કરે ભોગ બનનાર નું નામ ગોપનીય રાખવામાં આવશે તેવી અપીલ અરવલ્લી જિલ્લા પોલીસવડા એ કરી છે.


### જન્મદિને વધામણી



ડો. રવિ સુરેશભાઈ પંચાલ
દખનેસ્વર તા. બાયડ



યુસુફ ભાઈ શેખ
માજી ઉપસરપંચ
ગાબટ તા. બાયડ



મુકેશભાઈ ડી.પટેલ
બોરડી ટીંબા કંપા તાલુકો
ધનસુરા